भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

R 969273

# ચાણક્ય કેળવણી ટ્રસ્ટ

૪૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.

## ટ્રસ્ટડીડ

આ ટ્રસ્ટ સ્થાપનાનો દસ્તાવેજ ટ્રસ્ટડીડ આજરોજ તા.૧૭/૧/૨૦૧૧ ના રોજ અમો એકતરફવાલા બાબુભાઈ મંગળદાસ પટેલ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો-સમાજસેવા, રહે.૪૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગરના જેમને હવે પછીથી સેટલર તરીકે ઓળખવામાં આવશે અને....

| | | | | |
|---|---|---|---|---|
| બીજીતરફવાળા | : | (૧) | બાબુભાઈ મંગળદાસ પટેલ<br>ઉ.વ. આ.પુખ્ત, ધંધો-સમાજસેવા,<br>રહે. ૪૯, આનંદનગર, સેક્ટર-૨૭,<br>ગાંધીનગર. | મેનેજીંગ ટ્રસ્ટી |
| | | (૨) | શર્મીલાબેન જયેશકુમાર પટેલ<br>ઉ.વ. આ.પુખ્ત, ધંધો-સમાજસેવા,<br>રહે. ૨૯૩-૬, સેક્ટર-૨૯,<br>ગાંધીનગર. | ટ્રસ્ટી |
| | | (૩) | અલ્પેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ<br>ઉ.વ. આ.પુખ્ત, ધંધો-સમાજસેવા,<br>રહે. બી.જી. પટેલ કન્યા ગર્લ્સ હોસ્ટેલની<br>પાછળ, ગેટ નં.૫ ની નજીક, કડી સ્કુલ,<br>સેક્ટર-૨૩, ગાંધીનગર. | ટ્રસ્ટી |

(૧) ની વચ્ચે એક પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના માટે આ ટ્રસ્ટડીડ ઘડવામાં આવે છે અને સેટલર અમારી સહી કરી જાહેર કરીએ છીએ કે આ ટ્રસ્ટડીડથી અમલમાં આવનાર ટ્રસ્ટ ફેરવી ન શકાય તેવું પબ્લીક ચેરીટેબલ હેતુઓવાળું રહેશે.

(૨) આ ટ્રસ્ટડીના સેટલર શર્મીલાબેન જયેશકુમાર પટેલે પોતાની સ્વપાર્જીત મેળવેલ મિલકતમાંથી રૂા.૧૦૦૧-૦૦ અંકે રૂપિયા એક હજાર એક પુરા જુદા કાઢીને આ ટ્રસ્ટને અર્પણ કરેલ છે. આ રકમ પર હવે પછીથી એમનો કે એમના વાલી વારસોનો કોઈ લાગભાગ, હકક, હિસ્સો કે અધિકાર રહેશે નહીં અને તે ટ્રસ્ટની મિલકત ગણાશે. આ મિલકત બીજીતરફવાળાઓએ ટ્રસ્ટની મિલકત તરીકે સ્વીકાર કરી તેમની સંમતિની સહીઓ આ દસ્તાવેજ હેઠળ કરેલ છે.

(૩) આ દસ્તાવેજથી અમલમાં આવનાર ટ્રસ્ટનું નામ, હેતુઓ અને અનુગામી ટ્રસ્ટીઓ નિમવાની રીત તેમજ આ ટ્રસ્ટના હેતુઓ બર લાવવા માટેની વ્યવસ્થા, શરતો અને નિયમો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (અ) | આ ટ્રસ્ટનું નામ | :- | ચાણકય કેળવણી ટ્રસ્ટ |
| (બ) | કાર્યક્ષેત્ર | :- | સમગ્ર ભારત દેશ રહેશે. |
| (ક) | ટ્રસ્ટની કચેરી | :- | ૪૯, આનંદનગર, સેક્ટર-૨૭,<br>ગાંધીનગર. |

(૪) હેતુઓ :-

૧) સદરહુ સંસ્થા દ્વારા બૌધ્ધિક, નૈતિક, શારીરીક અને સંસ્કારનો વિકાસ થાય તે માટે સાર્વજનિક કેળવણીનો ફેલાવો કરવો.

૨) સર્વાંગી વિકાસ માટે રોજગારલક્ષી તાલીમ કેન્દ્ર ખોલવા અને તેવા તાલીમ કેન્દ્રોમાં વિવિધ પ્રકારની તાલીમ આપવી અને તેને લગતા પ્રકાશનો બહાર પાડવા તેમજ વ્યાખ્યાનો અને પ્રવચનો કરવા.

૩) શૈક્ષણિક વિકાસ માટે કેળવણી વિષયક સંસ્થાઓ જેવી કે, જુનીયર કે.જી., સીનીયર કે.જી., પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, બાલવાડી, આંગણવાડી, આર્ટસ, કોમર્સ કોલેજો, પી.ટી.સી. કોલેજો, ટેકનીકલ કોલેજો, એન્જીનીયરીંગ કોલેજો, મેડીકલ કોલેજો, પ્રૌઢ શિક્ષણના વર્ગો, ઘોડીયાઘર, રાત્રી શિક્ષણના વર્ગો, ટેકનીકલ સ્કુલો, અધ્યાપન મંદિરો, કુમાર-કન્યા છાત્રાલયો, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, સૈનિક સ્કુલો વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તથા આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ કરવી.

૪) કોઈપણ નાત, જાતના ભેદભાવ વગર શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી નોટબુકો, પુસ્તકો, ગાઈડો વગેરેની જરુરીયાતવાળાને મદદ કરવી તથા જરૂરીયાતવાળાને સ્કોલરશીપ આપવી તેમજ વિદ્યાર્થીઓને ઈનામ આપવા, ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને ટ્રસ્ટની મર્યાદામાં મદદ કરવી.

૫) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વાંચનાલયો સ્થાપવા, ચલાવવા અને નિભાવવા તેમજ માસિક, ત્રિમાસિક, પાક્ષિક મેગેઝીન, સાહીત્ય પ્રકાશિત કરવું અને તેને લગતી પ્રવૃતિ કરવી.

૬) પ્રત્યેક નાગરીક શિક્ષિત બને તે માટે શિક્ષણ જાગૃતિની પ્રવૃતિ કરવી અને દરેક નાગરીક શિક્ષિત બને અને ભણતા થાય તેવા પ્રયત્નો કરવા. પ્રૌઢ શિક્ષણ અર્થે વ્યસન મુકિત અંગે શિક્ષણ આપવું અને કેન્દ્રો ખોલવા.

૭) વિદ્યાર્થીઓના વિકાસ અર્થે કોમ્પ્યુટર શિક્ષણના વર્ગો ચલાવવા અને વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ અને તાલીમ આપવી, કોમ્પ્યુટરના તાલીમના ટ્યુશન વર્ગો ચલાવવા.

૮) આ સંસ્થા જ્ઞાનના પ્રચાર અર્થે જ્ઞાનશીબીરો, વ્યાખ્યાનો, પ્રવચનો અને મેળાવડાઓનું આયોજન કરશે.

૯) કન્યા કેળવણી માટે કન્યા શાળાઓ, સ્કુલો, મહિલા કોલેજો શરૂ કરવી તેમજ તેનું સંચાલન કરવું અને નિભાવવું. અનાથ કે વૃધ્ધ સ્ત્રીઓ, શોષિત કન્યાઓ, વિધવા, ત્યક્તા, નિરાધાર સ્ત્રીઓ વગેરેના કલ્યાણ માટેની પ્રવૃતિઓ કરવી.

૧૦) આરોગ્ય નિદાન કેમ્પો યોજવા, રકતદાનની પ્રવૃતિઓ હાથ ધરવી, રાહતદરે મેડીકલ ટ્રીટમેન્ટ મળી રહે તેવી વ્યવસ્થા કરવી. તેમજ પોલીયો નાબુદી માટેના અભિયાન ચલાવશે.

B. patel  Sharmishtha S. Patel.  [signature]

૧૧) જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે સમાજના લોકો માટે દવાખાનાઓ, હોસ્પિટલો, નર્સિંગહોમ, કન્સલ્ટીંગ રૂમ, લેબોરેટરીઓ, હેલ્થ સેન્ટરો, વગેરે સ્થાપવા, ચલાવવા અને નિભાવવા કે આવી સેવાઓ માટે સહાય કરવી અને તેને પ્રોત્સાહન આપવું. બ્લડ બેન્ક, આઈ બેન્ક સ્થાપવી અને ચલાવવી તથા લોકોને એમ્બ્યુલન્સ વાનની સવલત ટ્રસ્ટની મર્યાદામાં રહીને પુરી પાડવી.

૧૨) કુદરતી કે માનવસર્જીત આફતો જેવી કે રોગચાળો, પુર, ધરતીકંપ, દુષ્કાળ કે યુધ્ધ સમયે આફતગ્રસ્તોને જરૂરી મદદ કોઈપણ જાતના ભેદભાવ વગર પુરી પાડશે.

૧૩) કુદરતી સંકટ જેવા કે પ્રકૃતિ પ્રકોપ, આગ, અતિવૃષ્ટિ વગેરે જેવા વ્યાપક જાનમાલ હાનીના પ્રસંગે કે આગ તથા રમખાણ સમયે ભોગ બનેલા લોકોનેમદદરૂપ તેમજ જરૂરીયાતવાળી વ્યક્તિઓને અનાજ, કપડા તેમજ અન્ય સહાય કરવી.

૧૪) અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ જેવા કુદરતી સંકટ સમયે પશુઓને ઘાસચારો, ખોરાક પુરો પાડવો. ટ્રસ્ટની મર્યાદામાં રહીને અબોલ પશુઓ જેવા કે ગાય, ભેંસ વગેરે માટે ઘાસચારો, ખાણ, દવા તથા કેટલ વગેરેની વ્યવસ્થા કરવી.

૧૫) ઉપરોક્ત ઉદ્દેશોને આનુસંગિક તમામ કાર્યવાહી સંસ્થા ધ્વારા કરવામાં આવશે.

**(૫) ટ્રસ્ટીઓની સંખ્યા :-**

આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ત્રણ અને વધુમાં વધુ સાતની રહેશે.

**(૬) પ્રથમ ટ્રસ્ટીઓ :-**

| | | |
|---|---|---|
| ૧) | બાબુભાઈ મંગળદાસ પટેલ | મેનેજીંગ ટ્રસ્ટી |
| ૨) | શર્મીલાબેન જયેશકુમાર પટેલ | ટ્રસ્ટી |
| ૩) | અલ્પેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ | ટ્રસ્ટી |

**(૭) ટ્રસ્ટીમંડળની ખાલી પડતી જગ્યા અંગે :-**

આ ટ્રસ્ટના હાલના પ્રથમ મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય પ્રથમ ટ્રસ્ટીઓ આજીવન ટ્રસ્ટી છે સિવાય કે મેનેજીંગ ટ્રસ્ટી કે અન્ય ટ્રસ્ટીઓમાંના કોઈનું મૃત્યુ, રાજીનામા કે અન્ય કોઈ કારણસર જગ્યા ખાલી પડે તો બાકીના ટ્રસ્ટીઓ બહુમતીથી લાયક વ્યક્તિની ખાલી પડેલ જગ્યા ઉપર ટ્રસ્ટી, કે મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમણુંક કરશે. આવી ખાલી પડેલ જગ્યા ઉપર નિમાયેલ મેનેજીંગ ટ્રસ્ટી કે ટ્રસ્ટીની મુદત આજીવન રહેશે. હયાત ટ્રસ્ટીઓ બહુમતીથી વધારાના ટ્રસ્ટીઓની નિમણુંક મહત્તમ મર્યાદાને આધિન રહીને કરશે. આ રીતે વધારાના ટ્રસ્ટી તરીકે નિમાયેલ ટ્રસ્ટીની મુદત આજીવન રહેશે. મેનેજીંગ ટ્રસ્ટી તથા અન્ય ટ્રસ્ટીઓના રાજીનામા બાકી રહેતા ટ્રસ્ટીઓ બહુમતીથી મંજુર કરશે.

B.M.Patel Sharmila J. Patel

(૮) ટ્રસ્ટની મિલકત અંગે :-

આ ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મિલકત જે તે વખતના ટ્રસ્ટીઓમાં સંપ્રાપ્ત થશે.

(૯) મેનેજીંગ ટ્રસ્ટીની સત્તા અને ફરજો :-

૧) મેનેજીંગ ટ્રસ્ટી ટ્રસ્ટીમંડળની મીટીંગ બોલાવશે, આવી મીટીંગમાં પ્રમુખ સ્થાને રહેશે અને મીટીંગનું સંચાલન કરશે.

૨) કોઈ સમયે મીટીંગમાં સરખા મત પડે ત્યારે મેનેજીંગ ટ્રસ્ટીને કાસ્ટીંગ વોટ આપવાનો અધિકાર રહેશે.

૩) આ ટ્રસ્ટની તમામ પ્રવૃતિઓ પર દેખરેખ રાખશે અને જરૂરી માર્ગદર્શન તથા સુચનાઓ આપશે, ટ્રસ્ટના રોજબરોજના કામો કરશે.

૪) આ ટ્રસ્ટના કામકાજ માટે કર્મચારીઓની નિમણુંક કરશે, તેમના પગાર, ઈજાફા તથા રજાઓ નકકી કરશે.

૫) સરકારી, અર્ધસરકારી અને અન્ય સંસ્થાઓ, કચેરી કે વ્યકિત સમક્ષ આ ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ ધરાવશે અને તેમની સાથે ટ્રસ્ટ વતી પત્રવ્યવહાર કરશે.

૬) આ ટ્રસ્ટની આવક માટે પહોંચ આપશે કે અપાવશે અને ખર્ચના વાઉચરો મેળવશે.

૭) આ ટ્રસ્ટની આવક તથા જાવકનો હિસાબો રાખશે-રખાવશે.

૮) ટ્રસ્ટીમંડળની મીટીંગમાં ટ્રસ્ટનો હિસાબ રજુ કરશે અને નાણાંકીય વર્ષ માટે અંદાજપત્ર રજુ કરી ટ્રસ્ટીમંડળની મંજુરી મેળવશે.

૯) ટ્રસ્ટના હિસાબો ઓડીટ કરાવશે.

૧૦) ટ્રસ્ટીમંડળે કરેલ ઠરાવોની નોંધ રાખશે કે આવશે અને આવા ઠરાવોને અમલમાં મુકશે.

૧૧) ટ્રસ્ટની મિલકતની સલામતી માટે પગલા લેશે.

(૧૧) ટ્રસ્ટીમંડળની સત્તા અને ફરજો :-

૧) જે તે વખતે પ્રવર્તમાન કાયદા મુજબ ટ્રસ્ટની સ્થાવર મિલકત વેચી શકશે, ગીરો મુકી શકશે, બક્ષીસ આપી શકશે તેમજ કાયદેસર રીતે ટ્રાન્સફર કરી શકશે.

૨) જે તે વખતના કાયદાને આધિન રહીને નાણાંનું રોકાણ કરશે.

૩) આ ટ્રસ્ટના હેતુઓ બર લાવવા સદા સક્રિય રહેશે.

૪) આ ટ્રસ્ટના હિસાબો અને અંદાજપત્રની ચકાસણી કરી મંજુરી અંગે નિર્ણય કરશે.

૫) કોઈપણ ટ્રસ્ટીએ આ ટ્રસ્ટના કામે પોતાના નાણાંમાંથી ખર્ચ કરેલ હશે તો તે ખર્ચની રકમ ટ્રસ્ટ પાસેથી લેવાને તેઓ હકકદાર રહેશે.

(૧૨) ટ્રસ્ટીમંડળની મીટીંગ અને કોરમ :-

ટ્રસ્ટીઓને યોગ્ય લાગે ત્યારે ટ્રસ્ટીમંડળની મીટીંગ બોલાવશે. આવી મીટીંગની નોટીસ ટ્રસ્ટીઓને સાત દિવસ અગાઉથી આપવામાં આવશે. આ નોટીસમાં મીટીંગનું સ્થળ, સમય, તારીખ અને સુચિત કાર્યો લખવાના રહેશે. મીટીંગનું કોરમ ટ્રસ્ટીઓની કુલ સંખ્યાના ૨/૩ ભાગના સભ્યોની હાજરીથી પુરૂ થયેલ ગણાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મીટીંગ તેજ દિવસે એક કલાક બાદ ફરીથી મીટીંગ ભરી શકાશે આવી મીટીંગને કોરમનો બાધ નડશે નહીં.

(૧૩) ટ્રસ્ટની આવકના સાધનો :-

દાન, ભેટ, ફંડ, ફાળો, સહાય, ચેરીટી શો યોજીને, ગ્રાન્ટ વિગેરે રીતે આવક એકત્ર કરવામાં આવશે.

(૧૪) ઠરાવો અને ઠરાવબુક :-

ટ્રસ્ટીમંડળની મીટીંગમાં થયેલા ઠરાવો બહુમતીથી મંજુર કરશે અને તેને ઠરાવબુકમાં લખવામાં આવશે જેની નીચે મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય ટ્રસ્ટીઓએ સહી કરવાની રહેશે. અસામાન્ય સંજોગોમાં ઠરાવ સરક્યુલર ફેરવીને પણ કરી શકાશે.

(૧૫) બેન્ક એકાઉન્ટ :-

બેન્કનું ખાતુ મેનેજીંગ ટ્રસ્ટી અને અન્ય એક ટ્રસ્ટીની સંયુકત સહીથી ખોલાવશે અને તેની નાણાંકીય લેવડદેવડ કોઈપણ એકની સહીથી કરવામાં આવશે.

(૧૬) હિસાબી વર્ષ :-

આ ટ્રસ્ટનુ હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ આખરનું રહેશે.

(૧૭) સમિતિઓ :-

જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ટ્રસ્ટીમંડળ આ ટ્રસ્ટના કામ માટે મદદરૂપ થવા માટે વ્યવસ્થાપક કે સલાહકાર સમિતિ જેવી અન્ય સમિતિઓ નીમી શકશે. આવી સમિતિઓનું વિસર્જન પણ કરી શકશે. આવી સમિતિઓમાં અધ્યક્ષ તરીકે હમેશા મેનેજીંગ ટ્રસ્ટી જ રહેશે.

(૧૮) ફેરફાર :-

આ ટ્રસ્ટડીડની કોઈપણ કલમમાં ફેરફાર, સુધારો, વધારો કરવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ના કાયદાને આધિન રહીને ટ્રસ્ટીઓ સર્વાનુમતે ફેરફાર, સુધારો વધારો કરી શકશે.

અમો ઉપરોક્ત દસ્તાવેજના પક્ષકારોએ સહી શુધ્ધ બુધ્ધિથી સારી માનસિક હાલતમાં સમજી વિચારીને કરેલ છે જે અમોને સર્વેને કબુલ, મંજુર અને બંધનકર્તા છે.

તારીખ : -૧-૨૦૧૧
સ્થળ : અમદાવાદ.

**એકતરફવાળા :-**

બાબુભાઈ મંગળદાસ પટેલ

**બીજીતરફવાળા :-**

(૧) બાબુભાઈ મંગળદાસ પટેલ

(૨) શર્મીલાબેન જયેશકુમાર પટેલ

(૩) અલ્પેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ

**સાક્ષી :-**

(૧) J. J. Jani

(૨)

# સંમતિપત્રક

**સાર્વજનિક ટ્રસ્ટનું નામ :** ચાણક્ય કેળવણી ટ્રસ્ટ
**ટ્રસ્ટનું સરનામું :** ૪૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.

ઉપરોક્ત જણાવેલ સંસ્થાને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધાવવા સારૂ અમો પૈકીના એક ટ્રસ્ટીશ્રી [illegible] પટેલે આ અરજી કરી છે તે અરજીમાં જણાવ્યા મુજબ ઉપર જણાવેલ સંસ્થાને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધાવવા અમો સહમત છીએ અને તેની નોંધણી કરવા માટે અમારે તપાસણીની નોટીસની જરૂર નથી અને તે જતી કરીએ છીએ. અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની જોગવાઈઓ મુજબ ટ્રસ્ટીઓની તમામ જવાબદારીઓ અમે સ્વીકારીએ છીએ અને આ બાબતની નીચે અમોએ સહીઓ કરી છે તેમજ ટ્રસ્ટીના ખરાઈપણા માટે અમારૂ ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણી ઓળખકાર્ડ, સરકારી અને અર્ધસરકારી સંસ્થાના ઓળખકાર્ડની પ્રમાણિત ઝેરોક્ષ નકલ રજુ કરીએ છીએ અને જરૂરત જણાયે અસલ ઓળખકાર્ડની ચકાસણી અર્થે રજુ કરવા સંમતિ આપીએ છીએ.

આથી આ ટ્રસ્ટને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધણી કરી નોંધણીનો દાખલો આપવા વિનંતી છે. ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધીનું રહેશે.

| | ટ્રસ્ટીઓના નામ | આપેલ પુરાવાની વિગતો | સહીઓ |
|---|---|---|---|
| (૧) | બાબુભાઈ મંગળદાસ પટેલ | પાનકાર્ડ | [signature] |
| (૨) | શર્મીલાબેન જયેશકુમાર પટેલ | ઈલેક્શનકાર્ડ | [signature] |
| (૩) | અલ્પેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ | [illegible] | [signature] |

તારીખ : / /૧૧
સ્થળ : ગાંધીનગર

ઉપરોક્ત તમામ સહીઓ મારી રૂબરૂમાં કરેલ છે.

[signature]